# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : આરતી ભટ્ટ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૩-૦૬-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

-----------------------------------------------------------------------------------------

## રાજ્યમાં મતગણતરીની વ્યવસ્થા :

રાજ્યમાં આવતીકાલે લોકસભાની સાથે રાજ્ય વિધાનસભાની યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી હાથ ધરાશે.જે અંતર્ગત,તમામ મતગણતરી કેન્દ્રો ઉપર ત્રિ-સ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

અમદાવાદ જિલ્લાની પૂર્વ અને પશ્ચિમ બેઠકની મતગણતરી અનુક્રમે એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ અને ગુજરાત કૉલેજ ખાતે થશે.

ગાંધીનગર લોકસભા અંતર્ગત આવતી સાત વિધાનસભાની મત ગણતરી ગાંધીનગર સેક્ટર-૧૫ સરકારી કોલેજ ખાતે થશે.

મહેસાણા લોકસભા બેઠક માટે આવતીકાલે બાસણા મર્ચન્ટ કોલેજ ખાતે મતગણતરી થશે.કુલ 166 ટેબલ ઉપર 14 રાઉન્ડમાં મત ગણતરી યોજાશે.

જામનગરમાં સાત વિધાનસભા મત વિસ્તાર મુજબ કુલ ૮૬ ટેબલ તેમજ પોસ્ટલ બેલેટના કાઉન્ટીંગ માટે કુલ ૧૦ ટેબલ પર મત ગણતરી થશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## ચુંટણી પરિણામ-વેબસાઈટ :

લોકસભાની ચૂંટણીની મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. સામાન્ય ચૂંટણી તથા રાજ્ય વિધાનસભાની પેટાચૂંટણીઓ સંદર્ભે રાજ્યમાં 26

મતગણતરી કેન્દ્રો પર આવતીકાલે સવારે 8 વાગ્યે મતગણતરી શરૂ કરવામાં આવશે.ચૂંટણીના પરિણામ results.eci.gov.in તથા Voter Helpline App પર જાણી શકાશે.

કચ્છના 6 વિધાનસભા મત વિસ્તાર અને મોરબી મળી કુલ 7 મત વિસ્તાર અને પોસ્ટલ બેલેટની ગણતરી આવતીકાલે ભુજની સરકારી એન્જિનિયરીંગ કોલેજના આઠ  હોલમાં યોજાશે.આ મતગણતરી કેન્દ્ર પર  ત્રિ-સ્તરીય ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.મત ગણતરીની કામગીરી માટે તંત્ર દ્વારા રિઝર્વ સહિત 2 હજારથી વધુ અધિકારી,કર્મચારીઓ અલગ તારવવામાં આવ્યા છે.

**RNU અમદાવાદ**

---

## ભુજ-એન્જીનીયરીંગ કોલેજ-કલેકટરશ્રી જાહેરનામું :

ભુજ ખાતે  આવેલી સરકારી એન્જિનીયરિંગ કોલેજ ખાતે યોજાનારી મતગણતરીને લઇ જીલ્લા કલેકટર અમિત અરોરા દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા છે.ગવર્નમેન્ટ એન્જિનીયરિંગ કોલેજ, ભુજ મતગણતરી કેન્દ્રની અંદર કે આસપાસ કોર્ડન કરવામાં આવેલા વિસ્તારની અંદર કોઇપણ વ્યક્તિ સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરે લઈ જવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

આવતીકાલે મતગણતરી વહેલી સવારથી મતગણતરી પૂર્ણ થયાના બે વાગ્યા સુધી મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચારથી વધુ વ્યક્તિ એકઠી થઈ શકશે નહીં.મતગણતરી મથક અને તેની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં સભા ભરી શકાશે નહીં કે સંબોધી શકાશે નહીં કે સરઘસ કાઢી શકાશે નહીં.

**માહિતી ખાતું**

---

## જીલ્લા સરકારી દવાખાના-ફાયર મોકડ્રીલ :

રાજકોટની આગ દુર્ઘટના બાદ રાજ્યમાં ફાયર સેફ્ટી અંતર્ગત પગલાં લેવાઇ રહ્યા છે.જેમાં કચ્છના સરકારી દવાખાનાઓમાં હવે દર મહિનાની છઠ્ઠી તારીખે ફાયર મોકડ્રિલ યોજાશે.તમામ સબ સેન્ટર,પીએચસી,સીએચસી,સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાં ફાયર સાધનોની સાથે ઇલેક્ટ્રિક વાયરોની ચકાસણી કરવા તાકિદ કરાઇ હતી.જિલ્લામાં આવેલી સરકારી અને ખાનગી હોસ્પિટલમાં રાતે જોઈ શકાય તેવા ફાયર એક્ઝિટ લખેલા રેડિયમવાળા ચિહ્નો લગાડવાનો આદેશ અપાયો છે.

**RNU અમદાવાદ**

---

## ભુજ મતગણતરી કેન્દ્ર- કાઉન્ટિંગ ઓબ્ઝર્વર સમીક્ષા :

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે કચ્છ મોરબી લોકસભા બેઠક ઉપર મત ગણતરી આવતીકાલે ભુજ ખાતે આવેલી સરકારી એન્જિનિયરીંગ કોલેજ ખાતે યોજાનારી છે.આ મતગણતરીની પ્રક્રિયા વ્યવસ્થિત રીતે યોજાય તે માટે કાઉન્ટિંગ ઓબ્ઝર્વર ભવાનીસિંગ દેથા તથા જનરલ ઓબ્ઝર્વરે મત ગણતરી કેન્દ્ર ખાતે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અને તૈયારીઓની સમીક્ષા કરી હતી.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાએ ઓબ્ઝર્વરઓને મુલાકાત દરમિયાન મત ગણતરી માટે વિધાનસભા વાઈઝ હોલ અને અન્ય જરૂરી સુવિધાઓથી અવગત કરાવ્યા હતા.પોલીસ અધિક્ષકે પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ અંગે ઓબ્ઝર્વરઓને જાણકારી આપી હતી.

**માહિતી ખાતું**

---

## ટેક્ષમાં વધારો :

ભારતના રાષ્ટ્રીય ધોરી માર્ગ સત્તામંડળ NHAI એ સમગ્ર દેશમાં ટોલ ટેક્સમાં સરેરાશ પાંચ ટકાનો વધારો કર્યો છે.આ નવો વેરો આજથી લાગુ થઈ ગયો હોવાનું NHAIના અધિકારીએ જણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે ભારતના વ્યાપક રાષ્ટ્રીય ધોરી માર્ગ નેટવર્કમાં નવસોથી વધુ ટોલ પ્લાઝા છે.

**RNU અમદાવાદ**

---

## ભુજ નગરપાલિકા-પ્રી-મોન્સુન કામગીરી :

ભુજ નગરપાલિકા દ્વારા શહેરમાં પ્રિ-મોનસુન તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત "સ્વચ્છતા પખવાડિયા" ની ઉજવણીના ભાગરૂપે કામગીરી કરવામાં આવી રહી છે.

ચોમાસામાં પાણીના નિકાલમાં કોઇપણ અવરોધ પેદા ન થાય તેમજ કોઇ જાનહાનિ ન થાય તે માટે શહેરમાં વરસાદીના નાલા તથા કુદરતી વહેણની સાફસફાઇ તેમજ ભુજ શહેરના પ્રખ્યાત સ્થળો ખાતે સફાઈ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી.

**માહિતી ખાતું**

---